eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 140**
**April 25, 2008**

## કતારગામ ઝોન, રાંદેર ઝોન, અઠવા ઝોન ખાતે ૯ ઉદ્યાનોની તથા પ્રાથમિક શાળાના મકાનની ઉદઘાટનવિધિ તા.૧૯–૦૪–૨૦૦૮નાં રોજ મા. મેયર ડો.કનુભાઈ જી. માવાણીના વરદહસ્તે સંપન્ન



સુરત મહાનગરપાલિકા દ્વારા કતારગામ ઝોન, રાંદેર ઝોન, અઠવા ઝોન ખાતે વિવિધ ઉદ્યાનોની લોકાર્પણવિધિ તથા ઉધના ઝોન ખાતે વિવિધ ઉદ્યાનોની લોકાર્પણવિધિ તેમજ પ્રાથમિક શાળાના મકાનની ઉદઘાટનવિધિ તા.૧૯–૦૪–૨૦૦૮નાં રોજ મા. મેયર ડો.કનુભાઈ જી. માવાણીના વરદહસ્તે સંપન્ન કરવામાં આવી હતી .

વધુ માટે કલીક કરો >>>>>>

## શ્રેષ્ઠ ક્ષય નિયંત્રણ –ડોટ્સ કામગીરી બદલ સુરત મહાનગરપાલિકા ના સીટી ટીબી ઓફિસર સહિત –૪ એવોર્ડ એનાયત



રીવાઈઝડ નેશનલ ટીબી કંન્ટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત સુરત મહાનગરપાલિકામાં ગત વર્ષ ૨૦૦૭માં શ્રેષ્ઠ કામગીરી નોંધાયેલ છે. જેની મુલવણી કુલ–૩૦ માપદંડો આધારિત રાજયભરમાં સૌથી વધુ સ્કોર મેળવનાર કર્મચારી /અધિકારીઓને એવોર્ડ સન્માન દર વર્ષે આપવામાં આવે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથઝોન (ઉધના)ની કામગીરી

સાઉથઝોન (ઉધના) વિસ્તારમાં ડે.મ્યુ.કમિશનર શ્રી (જન.) ના માર્ગદર્શન હેઠળ તેમજ  કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી દેખરેખ હેઠળ મઢીની ખમણી પાસેની અંબરનગર ઝુપડપટ્ટી માં આજરોજ તા.૧૯/૦૪/૨૦૦૮ ના રોજ ૬૦ ફુટના ટી.પી. રસ્તામાં આવતી ૯(નવ) જેટલી દુકાનો તેમજ ૩૫ (પાંત્રીસ) જેટલા રે.સી. નાં ઝુપડાઓ ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ" સંપન્ન



હરિઃૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ" સ્પર્ધા તા.૨૦/૦૪/૨૦૦૮ને રવિવારના રોજ સવારે ૬.૦૦ કલાકે દોડ સ્પર્ધા તેમજ સવારે૮.૦૦ કલાકે સાયકલ સ્પર્ધા, નેતાજી સુભાષચંદ્ર બોઝ ઉદ્યાન પાસે, મોરાભાગળ, સુરત ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં છોકરાઓ તથા છોકરીઓના અલગ અલગ વય ગૃપમાં કુલ ૮(આઠ) વિભાગમાં સ્પર્ધા યોજવામાંઆવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## રાજકોટ ખાતે આયોજીત ઈન્ટરકોર્પોરેશન ટી–૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સુરત મેયર્સ ઈલેવન વિજેતા

રાજકોટ ખાતે આયોજીત ઈન્ટરકોર્પોરેશન ટી–૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં તા.૧૭/૪/૨૦૦૮ ના રોજ રમાયેલ સુરત મહાનગરપાલિકા ની ટીમે વડોદરા મેયર્સ ઈલેવન સામે ૧૭ ઓવરમાં  બે વિકેટે ૧૪૪ રન ફટકારી ૮ વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન(કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતાગામ)વિસ્તારમાં  તા.૨૧/૦૪/૨૦૦૮ ના રોજ નીચે જણાવ્યા મુજબ રિઝર્વેશન પ્લોટોના કબજા, ઈમ્પેકટ ફી તેમજ દબાણ હટાવ ઝુંબેશ કામગીરી કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત મ્યુનિસિપલ ઈન્ટર કોર્પોરેશન ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સુરત મહાનગરપાલિકા મેયરટીમ ચેમ્પીયન બની

રાજકોટ મહાનગરપાલિકા આયોજીત અને રાજકોટ મ્યુની.કોર્પોરેશન સ્ટાફ એન્ડ રીક્રીએશન કલબ સંચાલિત વિખ્યાત આંતરરાષ્ટ્રીય મેચ સેન્ટર રેસકોર્સ મેદાન ખાતે ઈન્ટર કોર્પોરેશન ટીમ–૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ તા.૧૫થી ૨૦ એપ્રિલ ૨૦૦૮ દરમ્યાન યોજાયેલ ડે એન્ડ નાઈટ ક્રિકેટ  ટુર્નામેન્ટમાં મેયર્સ ટીમો ની સ્પર્ધા સુરત મહાનગરપાલિકાની મેયર્સ ટીમે રાજકોટ મહાનગરપાલિકા મેયર ટીમ સામે ફાઈનલ મેચ માં આઠ વિકેટે  ચેમ્પીયન બન્યું.

વધુ માટે કલીક કરો >>>>>>

## કતારગામ ઝોન, રાંદેર ઝોન, અઠવા ઝોન ખાતે ૯ ઉદ્યાનોની તથા પ્રાથમિક શાળાના મકાનની ઉદઘાટનવિધિ તા.૧૯–૦૪–૨૦૦૮નાં રોજ મા. મેયર ડો.કનુભાઈ જી. માવાણીના વરદહસ્તે સંપન્ન



સુરત મહાનગરપાલિકા દ્વારા કતારગામ ઝોન, રાંદેર ઝોન, અઠવા ઝોન ખાતે વિવિધ ઉદ્યાનોની લોકાર્પણવિધિ તથા ઉધના ઝોન ખાતે વિવિધ ઉદ્યાનોની લોકાર્પણવિધિ તેમજ પ્રાથમિક શાળાના મકાનની ઉદઘાટનવિધિ તા.૧૯–૦૪–૨૦૦૮નાં રોજ મા. મેયર ડો.કનુભાઈ જી. માવાણીના વરદહસ્તે સંપન્ન કરવામાં આવી હતી.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા કમિશનરશ્રી એસ. અર્પણાએ જણાવ્યુ હતું કે આજના ઐતિહાસીક દિવસે શહેરની વિકાસગાથામાં કતારગામ, રાંદેર, અઠવા તેમજ ઉધના ઝોનના વિવિધ વિસ્તારોમાં ઉદ્યાનોના નવ પ્રકલ્પો તથા પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા શહેરીજનોને પાણી, લાઈટ, રસ્તા, ડ્રેનજ, આરોગ્ય જેવી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાની સાથે સાથે લોકોની સુખાકારી તથા આનંદ પ્રમોદ, પર્યાવરણની જાળવણી માટે ઉદ્યાનોની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવે છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાં અત્યાર સુધી કુલ–૭૪ બાગોનું નિર્માણ કરવામાં આવેલ. આજે લોકાર્પિત થયેલ ૯ (નવ) ઉદ્યાનો મળી કુલ ૮૩ ઉદ્યાનોનો શહેરીજનોને લાભ મળશે. આ નવ ઉદ્યાનો રૂા.૧૪૪ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે.



કતારગામ ઝોન વિસ્તારમાં પટેલવાડી પાસે આવેલ શ્રી મુન્શી પ્રેમચંદ ઉદ્યાનનો વિસ્તાર ૧૬૩૦ ચો. મીટર છે. જેનો કુલ ખર્ચ રૂા.૪.૪૬ લાખ છે. આમ કતારગામ ઝોનમાં કુલ–૯ બાગો તૈયાર કરવામાં આવેલ છે. રાંદેર ઝોન વિસ્તારમાં શાંતીકુંજ બાગનો વિસ્તાર ૬૧૬ ચો. મીટર છે. જેનો કુલ ખર્ચ રૂા.૨.૩૯ લાખ છે. અન્ય બાગનો વિસ્તાર ૬૬૯૧ ચો. મી. તથા તેનો કુલ ખર્ચ રૂા.૨૭.૦૧ લાખ છે. આમ રાંદેર ઝોનમાં કુલ–૨૨ બાગો તૈયાર કરવામાં આવેલ છે. અઠવા ઝોન વિસ્તારમાં અલથાણ ગાયત્રી મંદિર પાસે આવેલ ઉદ્યાનનો વિસ્તાર ૧૦૪૬ ચો. મીટર તથા તેનો ખર્ચ રૂા.૮.૩૨ લાખ છે.જયારે અન્ય ચાઈના ગેટની પાસે આવેલ ઉદ્યાનનો વિસ્તાર ૨૪૯૦ ચો. મીટર તથા ખર્ચ રૂા.૧૩.૮૭ લાખ છે. આમ અઠવા ઝોનમાં કુલ–૧૮ બાગો તૈયાર કરવામાં આવેલ છે. ઉધના ઝોનમાં શ્રી મદનલાલ ધિંગરા ઉદ્યાનનો વિસ્તાર ૧૦૫૫૩ ચો. મીટર છે. જેનો કુલ ખર્ચ રૂા.૪૨.૨૭ લાખ છે. શ્રી ચાણકય ઉદ્યાનનો વિસ્તાર ૩૩.૦૧ ચો. મીટર તથા ખર્ચ રૂા.૨૩.૦૨ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. શ્રી શાંતેશ્વર ઉદ્યાનનો વિસ્તાર ૩૨૬૮ ચો. મીટર છે. જેનો ખર્ચ રૂા.૧૮.૧૨ લાખ છે. પાંડેસરા ગુજરાત હાઉસીંગ બોર્ડ પાસે આવેલ શાંતીવન ઉદ્યાનનો વિસ્તાર ૧૩૮૦ ચો. મીટરનો ખર્ચ રૂા.૪.૮૪ લાખ છે. આમ ઉધના ઝોનમાં કુલ–૯ બાગો તૈયાર કરવામાં આવેલ છે. આમ આ તમામ ઉદ્યાનોમાં વોક–વે, ગઝેબો, બાળકો માટે રમત–ગમતના સાધનોની સુવિધા આવરી લેવામાં આવેલ છે.



તદઉપરાંત સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં રામપુરા ગાર્ડનમીલની બાજુના પ્લોટમાં ગાર્ડન વિકસાવવાનું કામ કતારગામ ઝોનમાં ડભોલી તળાવના વિકાસનું કામ અને ટી.પી.૨૬ એફ.પી.૧૮ સીંગણપોર ખાતે ગાર્ડન બનાવવાનું કામ, અઠવા ઝોનમાં સરકીટ હાઉસની સામે આવેલ ખુલ્લા પ્લોટને ગાર્ડન તરીકે વિકસાવવાનું કામ, રાંદેર ઝોનમાં જગદીશચંદ્ર બોઝ ઉદ્યાન ખાતે એકવેરીયમ બનાવવાનું કામ, વરાછા ઝોનમાં ફુલપાડા ખાતે શાંતીવન બનાવવાનું કામ આમ વિવિધ ઝોનોમાં ઉદ્યાનોનું આયોજન અને વિકાસની કામગીરી ચાલી રહી છે.

સુરત મહાનગરપાલિકા શહેરીજનોની સુખાકારી માટે વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી રહી છે જેનો શહેરીજનો મહત્તમ લાભ લેશે. આજ રોજ વિજયાનગર ઉધના વિસ્તારમાં ૯૦ લાખના ખર્ચે સાકારિત કરવામાં આવેલ પ્રાથમિક શાળા ગ્રાઉન્ડ તેમજ ૨ (બે) માળ, ૨૦ વર્ગખંડ, ૧ હોલ, ૨ (પ્રિન્સીપલ રૂમ) ૨ (સ્ટાફ રૂમ) પાણીની ટાંકી, વોટર રૂમ, લેડીઝ–જેન્ટસ ટોયલેટ તથા વિકલાંગો માટે પણ લેડીઝ–જેન્ટસ ટોયલેટની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેનો આ વિસ્તારના લોકો લાભ મેળવી શકશે. સાથોસાથ શાળાની સીકયુરીટી માટે પણ અલગથી વ્યવસ્થાના આયોજનની રૂપરેખા આપી હતી.



અતિથિવિશેષપદેથી પ્રવચન કરતા ડે. મેયર શ્રીમતિ કૌશિકાબેન દેસાઈએ આજ રોજ નવ ઉદ્યાનો તથા પ્રાથમિક શાળાના લોકાર્પણવિધિ સમયે પ્રજાજનોને શુભેચ્છા આપતા જણાવ્યુ હતું કે પ્રજાજનો આ સુવિધાનો મહત્તમ ઉપયોગ કરે. સુરત મહાનગરપાલિકા શહેરીજનોની સુખાકારી માટે વિશેષ કાળજી લે છે. ઉપરાંત દરેકને આનંદપ્રમોદ મળી રહે તે માટે પ્રયત્નશિલ છે. પર્યાવરણની જાળવણી થાય તથા આનંદપ્રમોદ મળી રહે તે માટે ઉદ્યાનો જરૂરી છે. ઔદ્યોગીક વિકાસ સાથે વધુમાં વધુ ઉદ્યાનોના નિર્માણની કામગીરી પ્રશંસનીય છે. ભવિષ્યમાં સુરત શહેર સીટી ઓફ ગાર્ડન તરીકે ઓળખાશે.

શહેરના પ્રથમ નાગરિક અને મા.મેયરશ્રી ડૉ.કનુભાઈ માવાણીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા શહેરને સ્વચ્છ,સુંદર અને હરિયાળું સુરત બનાવવા માંગે છે. તે કાર્ય આગળ ધપાવતા આજરોજ નવ બાગ તથા એક શાળા લોકાર્પિત કરવામાં આવેલ છે.પદાધિકારીઓ તથા તંત્રના સહયોગથી પ્રજાજનોને વધુ સેવા સુવિધા મળે તે માટે પ્રયત્નશિલ છે. શાંતીવન જેવા બાગના પ્રકલ્પો સીનીયર સીટીઝનો માટે આયોજીત કરવામાં આવ્યા છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલા જુના તળાવોને પુનઃજીવીત કરી વિકાસ સાધી ઉદ્યાનોનુ નિર્માણ કરવાનું મહત્તમ ધ્યેય છે. શહેરનું પર્યાવરણ અસમતોલ ન બને તે માટે પર્યાવરણની જાળવણી કરીએ તથા ઉદ્યાનોનું નિર્માણ થાય તે દિશામાં પ્રયત્ન કરીએ. ઉધના વિસ્તારમાં અંદાજે ૯૦ લાખના ખર્ચે શાળાનું નિર્માણ કરવામાં આવેલ છે તે શાળા છેવાડાના બાળકો માટે ખૂબ જ ઉપયોગી રહેશે. તમામ લોકોને સાથે રાખી તમામ ઝોનોમાં સમાન અને સમતોલ વિકાસ થાય તે માટે વિકાસના કામોનું સતત આયોજન કરી શહેરને સ્વચ્છ, સુંદર, સ્વસ્થ બનાવવાની નેમ છે. શહેરના સીનીટર સીટીઝનો પણ પોતાનું જીવન આનંદ પ્રમોદમાં પસાર કરી શકે તે માટે મહાનગરપાલિકાએ શહેરના વિવિધ વિસ્તારોમાં શાંતીવન બનાવેલ છે. વધુમાં શહેરમાં આવેલ તળાવોની નવરચના તથા હાલમાં સુરત મહાનગરપાલિકાની હદવિસ્તારમાં સમાવેશ થયેલ ગામોમાં આવેલ હયાત તળાવોનો ગાર્ડન સાથે પુનઃનિમ્માણ કરવાનું આયોજન હાથ ધરેલ છે. સુરત મહાનગરપાલિકા એક એવી નગરપાલિકા છે જેમાં વિવિધભાષી શિક્ષણનું આયોજન ધરેલ છે. આમ મહાનગરપાલિકાએ તમામ ઝોનોનો સમતોલ વિકાસ કરવાનો ધ્યેય રાખેલ છે.



અંતમા આભારવિધિ ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષ શ્રીમતિ વીણાબેન જે. જોષીએ કરી હતી. આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવો ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ/કર્મચારીઓ તથા વિશાળ સંખ્યામાં પ્રજાજનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

TOP

# શ્રેષ્ઠ ક્ષય નિયંત્રણ –ડોટ્સ કામગીરી બદલ સુરત મહાનગરપાલિકા ના સીટી ટીબી ઓફિસર સહિત –૪ એવોર્ડ એનાયત



રીવાઈઝડ નેશનલ ટીબી કંન્ટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત સુરત મહાનગરપાલિકામાં ગત વર્ષ ૨૦૦૭માં શ્રેષ્ઠ કામગીરી નોંધાયેલ છે. જેની મુલવણી કુલ–૩૦ માપદંડો આધારિત રાજયભરમાં સૌથી વધુ સ્કોર મેળવનાર કર્મચારી /અધિકારીઓને એવોર્ડ સન્માન દર વર્ષે આપવામાં આવે છે. જેમા સતત બીજા વર્ષે પણ સુરત મહાનગરપાલિકાનાં સીટી ટીબી ઓફિસર ડો.કે.એન. શેલડીયા ને શ્રેષ્ઠ કામગીરી અર્થે આ વર્ષે પણ વિશ્વ ક્ષય દિન તા. ૨૪/૩/૦૮ ના રોજ મા. આરોગ્યમંત્રી જય નારાયણ વ્યાસ ના હસ્તે તથા રાજયકક્ષાના આરોગ્યમંત્રી શ્રી પરબતભાઈ પટેલ તથા પ્રીન્સીપલ સેક્રેટરી શ્રીમતી રીટાબેન ટીએટીયા ની હાજરીમાં એવોર્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ. આ ઉરાંત અન્ય કર્મચારી /અધિકારી પૈકી મેડીકલ –ઓફિસર (ટીબી કન્ટ્રોલ ) ડો. પ્રવિણ ઠુમ્મર, સીનીયર ટીબી લેબોરેટરી સુપરવાઈઝર અજય ચૌહાણ તથા પ્રાઈવેટ પ્રેકટીશનર ડો. જયેશ કાછડીયા ને પણ તેમની કેટેગરીમાં શ્રેષ્ઠ કામગીરી અર્થે એવોર્ડ તથા પ્રમાણપત્ર એનાયત થયા હતા. આમ રાજયભરમાંથી સૌથી વધુ એવોર્ડ મેળવનાર સુરત મહાનગરપાલિકાનાં કુલ–૪ કર્મચારી/ અધિકારીઓ ધ્વારા રાજય લેવલે સુરત મહાનગરપાલિકાનું ગૌરવ વધારેલ છે.

TOP

## સાઉથઝોન (ઉધના)ની કામગીરી

સાઉથઝોન (ઉધના) વિસ્તારમાં ડે.મ્યુ.કમિશનર શ્રી (જન.) ના માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી દેખરેખ હેઠળ મઢીની ખમણી પાસેની અંબરનગર ઝુપડપટ્ટી માં આજરોજ તા.૧૯/૦૪/૨૦૦૮ ના રોજ ૬૦ ફુટના ટી.પી. રસ્તામાં આવતી ૯(નવ) જેટલી દુકાનો તેમજ ૩૫ (પાંત્રીસ) જેટલા રે.સી. નાં ઝુપડાઓ ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. રે.સી. ઝુપડાઓને પંચશીલનગર વિભાગ –૨ માં ૫ × ૩ મી. ની સાઈઝમાં પ્લોટ ફાળવવામાં આવેલ છે. સદર દુકાનો તેમજ રે.સી. ઝુપડા દુર થવાથી ૧૫૦ મી. જેટલી લંબાઈમાં તેમજ ૯.૦૦ મીટર જેટલી પહોળાઈમાં કુલ ૧૩૫૦ચો.મી. જેટલો ટી.પી. રસ્તો ખુલ્લો થશે.

વધુમાં તા.૧૭/૦૪/૨૦૦૮ નાં રોજ સાઉથઝોન (ઉધના) વિસ્તામાં ઉધના મેઈન રોડ ઉધના દરવાજા થી બી.આર. સી. મંદિર સુધીમાં અંદાજે ૫૯ જેટલી લારીઓ તેમજ પાંડેસરા હાઉસીંગ વોર્ડ વિસ્તામાં તેમજ વિજયાનગર વિસ્તામાં અંદાજે ૮૮ જેટલી લારીઓનું દબાણ દુર કરી દબાણ ડેપો ખાતે જમા લેવામાં આવેલ છે. ઉપરોકત કામગીરી સાઉથઝોન (ઉધના) અઠવાઝોન, લીંબાયતઝોન તેમજ રાંદેર સ્ટાફ તેમજ સીકયુરીટી સ્ટાફની મદદ થી કરવામાં આવેલ છે.

TOP

## "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ" સંપન્ન



હરિઃૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ" સ્પર્ધા તા.૨૦/૦૪/૨૦૦૮ને રવિવારના રોજ સવારે ૬.૦૦ કલાકે દોડ સ્પર્ધા તેમજ સવારે૮.૦૦ કલાકે સાયકલ સ્પર્ધા, નેતાજી સુભાષચંદ્ર બોઝ ઉદ્યાન પાસે, મોરાભાગળ, સુરત ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં છોકરાઓ તથા છોકરીઓના અલગ અલગ વય ગૃપમાં કુલ ૮(આઠ) વિભાગમાં સ્પર્ધા યોજવામાંઆવી હતી. આ દોડ સ્પર્ધામાં–૮૦ સ્પર્ધકો તથા સાયકલ સ્પર્ધામાં –૧૦૦ સ્પર્ધકોમળી કુલ –૧૮૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાની શરૂઆત સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠિયા, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ, શ્રી સન્મુખભાઈ જીનવાલા, સ્પર્ધાના પ્રણેતા શ્રી જશવંતભાઈ પચ્ચીગરે લીલી ઝંડી ફરકાવી કરાવી હતી સ્પર્ધાને અંતે નીચે મુજબના સ્પર્ધકો વિજેતા નીવડયા હતા.

### દોડસ્પર્ધા

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | ક<br>૯ થી ૧૧ વર્ષ | ડ<br>૧૧ થી ૧૩ વર્ષ |
| પ્રથમ | કરણ ડી. સેલર | ધ્રુવકુમાર જી. ચૌધરી | સુમિત્રા એ. ગોઈટે. | પલ્લવીબેન એ. રેતીવાલા |
| દ્રિતિય | વૈભવ કે. ભારતી | આકાશ એચ. મેણીયા | પ્રાત્વી કે. ચોકસી | યુતિકા કે. ભારતી |
| તૃતિય | અક્ષિત ડી. પટેલ | અ. સલમાન એ. શેખ | રાજવીી જે. પટેલ | ઝીલ ડી. શાહ |

### સાયકલ સ્પર્ધા

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | ક<br>૯ થી ૧૧ વર્ષ | ડ<br>૧૧ થી ૧૩ વર્ષ |
| પ્રથમ | કરણ ડી. સેલર | રીજુલ પી. સારંગ | ચાર્મી એમ. ગાંધી | પલ્લવીબેન એ. રેતીવાલા |
| દ્રિતિય | જીગર પી.વરીયા | તેજસ એન. સેલર | પ્રિયંકા આર. સેલર | ઝીલ ડી. શાહ |
| તૃતિય | વૈભવ કે. ભારતી | નિકુલ એસ. સેલર | વૈભવી ડી. ભટ્ટ | યુતિકા કે. ભારતી |

આ સ્પર્ધાના ૧ થીડ ક્રમના વિજેતાઓને ટ્રોફી, તથા પ્રમાણપત્રો સાંસ્કૃતિક સમિતિ ના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠિયા, જેમના નામ જોડે આ સ્પર્ધા જોડાયેલી છે તેવા આ સ્પાર્ધા ના પ્રણેતા મુ.શ્રી જશવંતભાઈ પચ્ચીગર, સાંસ્કૃતિક વિભાગના મેનેજરશ્રી એસ.આર. ખાન તથા રાંદેર ઝોનના આકારણી અધિકારીશ્રી એસ.એસ. ખતીબના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેતા તમામ સ્પર્ધકો ને સુરત મહાનગરપાલિકા તરફથી લ્હાણી,પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર તથા, હરિઃૐ આશ્રમ તરફથી પુસ્તીકા તેમજ સ્મૃતિભેટ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે મેડીકલ ઓફિસર સહિત મેડીકલ ટીમ, ફાયર ફાયટર સાથે ફાયર ઓફિસર હાજર રહયા હતા.

TOP

## રાજકોટ ખાતે આયોજીત ઈન્ટરકોર્પોરેશન ટી–૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સુરત મેયર્સ ઈલેવન વિજેતા

રાજકોટ ખાતે આયોજીત ઈન્ટરકોર્પોરેશન ટી–૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં તા.૧૭/૪/૨૦૦૮ ના રોજ રમાયેલ સુરત મહાનગરપાલિકા ની ટીમે વડોદરા મેયર્સ ઈલેવન સામે ૧૭ ઓવરમાં બે વિકેટે ૧૪૪ રન ફટકારી ૮ વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો. ત્યારબાદ તા.૧૯/૪/૨૦૦૮ ના રોજ જામનગર મેયર્સ ઈલેવન સામે ૧૫ ઓવરમાં એક વિકેટે ૧૪૦ રન ફટકારી દબદબાભેર ૯ વિકેટે મેચ જીતી ફાઈનલ માં પ્રવેશી આજરોજ ફાઈનલ મેચ રાજકોટ મેયર્સ ઈલેવન સામે ટકરાશે.

ટોસ જીતી જામનગર ઈલેવને નિર્ધારિત ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૩૯ રન બનાવ્યા હતા. જેમાં સુરત મહાનગરપાલિકા વતી બોલીંગ કરતા સ્થાયી સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઈ દલાલ તથા મનોજભાઈ લોટવાળાએ બે–બે વિકેટે તથા યશોધર દેસાઈ, શૈલેષભાઈ જરીવાળા, પ્રવિણભાઈ પટેલે ૧–૧ વિકેટ ઝડપી હતી. જેના જવાબમાં સુરત મેયર્સ ઈલેવન શ્રી શૈલેષભાઈ જરીવાળા(૧૭ રન)ની વિકેટ ગુમાવી ૧૫ ઓવરમાં ૧૪૦ રન કરી ૯ વિકેટે વિજય મેળવ્યો હતો. જેમાં પ્રવિણ પટેલ અણનમ ૭૨ રન અને સતીષ પટેલ ૧૭ રને અણનમ રહયા હતા. મેન ઓફ ધી મેચ તરીકે ઓલરાઉન્ડર દેખાવ કરનાર પ્રવિણ પટેલને જાહેર કરવામાં આવ્યા હતા.

TOP

# નોર્થ ઝોન(કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતાગામ)વિસ્તારમાં  તા.૨૧/૦૪/૨૦૦૮ ના રોજ નીચે જણાવ્યા મુજબ રિઝર્વેશન પ્લોટોના કબજા, ઈમ્પેકટ ફી તેમજ દબાણ હટાવ ઝુંબેશ કામગીરી કરવામાં આવેલ છે.

નોર્થઝોન (કતાગામ)વિસ્તારનાં લલિતા ચોકડી પાસે આવેલ ટી.પી. સ્કીમ નં.૧૯ (કતારગામ),ફા.પ્લોટ નં.૧૭૯(ડીસ્ટ્રીક સેન્ટર)નો આશરે ૪૪૭૦ ચો.મી. તથા ફા. પ્લોટ નં.૧૮૦ (હાઉસીંગ ફોર એસ.ઈ.ડબલ્યુ.એસ. પાર્ટભાગ) નો આશરે ૨૬૦૦ ચો.મો. એમ બે સુરત મહાનગરપાલિકા ના રિઝર્વેશન પ્લોટોનો, તેમાં આવેલ લકઝરી બસો, કાચાં ઝુંપડાઓ, શેરડીના કોલા, લારી–ગલ્લાઓ વિગેરેનું દબાણ હટાવી કબજો લેવામાં  આવેલ છે. નોર્થઝોન (કતાગામ)વિસ્તારનાં બાકી ઈમ્પેકટ ફીના લેણાં પેટે રૂા.૨,૭૬,૧૮૦–૦૦ વસુલ લેવામાં આવેલ છે.

નોર્થઝોન (કતાગામ)વિસ્તારનાં રસ્તાઓ પરનાં દબાણો સામે દબાણ હટાવ ઝુંબેશ આદરી વસ્તાદેવડી રોડ,નંદુડોશીની વાડી ,ગોટાલાવાડ ટેનામેન્ટની પાછળ, કોમ્યુનીટી હોલ વાળા રસ્તા પર સીંગણપોર શાક માર્કેટ વિસ્તાર, બળવંતનગર –ગીતાનગર, ડભોલી રોડ,નાની બહુચરાજી, બાળાશ્રમ હેલ્થ સેન્ટર પાસે તથા ગજેરા સર્કલ ડો.શ્યામા પ્રસાદ મુખર્જી લેક ગાર્ડન સામે તા.૨૧/૦૪/૨૦૦૮ ના રોજ તેમજ અન્ય રસ્તાઓ ઉપરથી સાંજે ૪.૦૦ કલાક થી ૮.૩૦ કલાક દરમ્યાન ખાસ દબાણ હટાવ ઝુંબેશ હેઠળ અન્ય ઝોન નો દબાણ સ્ટાફ સાથે રાખી બંધલારી –૭૭,ખુલ્લી લારી –૬૫, કાઉન્ટર –૦૭,કેબીન–૦૧,ટેમ્પો–૦૨ તેમજ વજન કાંટી –૧૨ મળી કુલ –૧૬૪(એકસો ચોસઠ) દબાણો જપ્ત કરી અત્રેના ગાયત્રી ડેપો ઉપર જમાં લેવામાં આવેલ છે.

TOP

## ગુજરાત મ્યુનિસિપલ ઈન્ટર કોર્પોરેશન ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સુરત મહાનગરપાલિકા મેયરટીમ ચેમ્પીયન બની.

રાજકોટ મહાનગરપાલિકા આયોજીત અને રાજકોટ મ્યુની.કોર્પોરેશન સ્ટાફ એન્ડ રીક્રીએશન કલબ સંચાલિત વિખ્યાત આંતરરાષ્ટ્રીય મેચ સેન્ટર રેસકોર્સ મેદાન ખાતે ઈન્ટર કોર્પોરેશન ટીમ–૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ તા.૧૫થી ૨૦ એપ્રિલ ૨૦૦૮ દરમ્યાન યોજાયેલ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મેયર્સ ટીમો ની સ્પર્ધા સુરત મહાનગરપાલિકાની મેયર્સ ટીમે રાજકોટ મહાનગરપાલિકા મેયર ટીમ સામે ફાઈનલ મેચ માં આઠ વિકેટે ચેમ્પીયન બન્યું.

ફાઈનલ મેચમાં રાજકોટ મહાનગરપાલિકાના ટીમના કેપ્ટન અને મેયરશ્રી ધનસુખ ભંડેરીએ ટોસ જીતી પ્રથમ બેંટીંગ લઈ ૨૦ ઓવરોમાં ૯ વિકેટ ૧૪૦ રન બનાવ્યા હતા. જયારે લક્ષ્યાંક સિધ્ધ કરવા મેદાને પડેલ સુરત મેયર્સ ટીમે ૧૯ મી ઓવરમાં જ રનોના જુલ્મે વિજય હાસંલ કર્યો હતો. સમગ્ર ટુર્નામેન્ટમાં નિર્ણાયક તબકકે કરેલ સુંદર બોલીંગ બદલ અને મેળવેલ સફળતા બદલ સુરત મેયરટીમના કેપ્ટન શ્રી મુકેશ દલાલને શ્રેષ્ઠ બોલર, પ્રવિણ પટેલને મેન ઓફ ધ સીરીઝથી નવાજવામાં આવ્યા હતા. મેચને અંતે યોજાયેલ ઈનામવિતરણ સમારંભમાં રાજકોટ ટીમ ના કેપ્ટન એવા મેયરશ્રી ધનસુખ ભંડેરી તથા ભૂતપૂર્વ ભારતીય ટેસ્ટ ક્રિકેટર કરશન ઘાવરી અને અન્ય મહાનુભાવો ની હાજરીમાં સુરત મહાનગરપાલિકાની મેયરટીમના કેપ્ટન મુકેશ દલાલ ને ચેમ્પીયન ટ્રોફી તથા મેનેજર ડો. જગદીશ પટેલને ટીમના સર્ટીફિકેટે અને મોમેન્ટો અર્પણ કરાયા હતા. ટુર્નામેન્ટ નું સર્વગ્રાહી સુંદર આયોજન રાજકોટ કોર્પોરેશન ધ્વારા કરવામાં આવ્યું હતું.

TOP